**રેડક્રોસ સસ્થાના સેવાકાર્યોમા સહયોગી બનવા નાગરિકોને અનુરોધ કરતા રાજયપાલશ્રી**

**'વિશ્વ રેડક્રોસ દિન'ની પૂર્વ સધ્યાએ શ્રી ઓ. પી. કોહલીનો પ્રજાજોગ સદેશ**

રાજભવન, ગાધીનગર, તા. ૦૭/૦૫/૨૦૧૬

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ રેડક્રોસ સસ્થાના સેવકાર્યોમા રાજયના સૌ નાગરિકોને સહયોગી બનવા અનુરોધ કર્યો હતો.

રાજયપાલશ્રીએ 'વિશ્વ રેડક્રોસ દિન'ની પૂર્વ સધ્યાએ ગુજરાતની પ્રજાજોગ સદેશમા જણાવ્યુ હતુ કે પ્રતિ વર્ષ ૮મી મેના રોજ વિશ્વભરમા આતરરાષ્ટ્રીય રેડક્રોસ દિવસની ઉજવણી કરવામા આવે છે. ૮મી મે રેડક્રોસ આદોલનના સસ્થાપક સર હેનરી ડુનાન્ટનો જન્મ દિવસ છે. આ વર્ષે 'વિશ્વ રેડક્રોસ દિવસ'ની ઉજવણીની વિષયવસ્તુ–"દરેક જગ્યા દરેક માટે" નકકી કરાયેલ છે. તેનો મુખ્ય ઉદેશ રેડક્રોસના તમામ સ્વયસેવકો, કર્મચારીઓ તથા લાભાર્થીઓને તેમની રેડક્રોસ સાથે જોડાયેલી સાફલ્યગાથા તેમના મિત્રો અને પરિવારજનોને જણાવે અને તેમને પ્રોત્સાહિત કરે છે, જેથી તેઓ તેના પ્રસાર પ્રચારમા ઉપયોગી બને. રેડક્રોસ સસ્થાઓ પણ આવી સાફલ્ય ગાથાઓના વિશ્વના ખૂણે–ખૂણે પહોચે તે માટે વ્યાપક પ્રચાર–પ્રસાર કરશે, જેથી સસ્થાની માનવતાવાદી સેવાઓ પત્યે લોકોમા જાગૃતિ પેદા થાય, એમ રાજયપાલશ્રીએ જણાવ્યુ હતુ.

ગુજરાત રેડક્રોસ સોસાયટી મુખ્ય સમાજસેવી સસ્થાના રૂપમા માનવીય કલ્યાણના કાર્યો કરી રહે છે, જેનાથી જરૂરતમદ અને નબળા સ્તરના લોકો લાભાન્વિત બન્યા છે.

રેડક્રોસ સોસાયટી દ્વારા લગભગ ૧.૫ લાખ યુનિટ સુરક્ષિત રકત જરૂરતમદ રોગીઓને ઉપલબ્ધ કરવામા આવે છે. પ્રતિ વર્ષ હજારોની સખ્યામા જરૂરિયાતવાળા બાળકોને નિઃશુલ્ક રકત આપવામા આવે છે. ગુજરાત રેડક્રોસ દ્વારા થેલેસેમિયા અને સિકલસેલ એનેમિયા નિયત્રણ કાર્યક્રમ સફળતાપૂર્વક ચલાવવામા આવે છે, તેમ રાજયપાલશ્રીએ જણાવ્યુ હતુ.

રાજયપાલશ્રીએ જણાવ્યુ હતુ કે આ કાર્યક્રમ અન્વયે માર્ચ–૨૦૧૬ સુધીમા મહાવિદ્યાલયોના ૨૦ લાખ વિદ્યાર્થીઓનુ થેલેસિમીયા તથા ૬ લાખ જેટલા વિદ્યાર્થીઓનુ સિકલસેલ એનેમિયાનુ પરીક્ષણ કરવામા આવ્યુ છે. લગભગ ૨,૫૦,૦૦૦ ગર્ભવતી માતાઓનુ થેલેસિમીયાનુ પરીક્ષણ કરવામા આવ્યુ હતુ અને ૧૮૪ જેટલા થેલેસિમીયા મેજરવાળા કિસ્સાઓમા આવા બાળકોને જન્મતા બચાવાયા છે.

આ સિવાય રેડક્રોસ સસ્થા દ્વારા આર્ટિફિશ્યલ લિમ્બ, ટી. બી. નિયત્રણ, ફિઝિયોથેરાપી, સેરિબ્રલ પાલ્સી સેન્ટર તથા વરિષ્ઠ નાગરિકો માટે ઘર "વાત્સલ્ય"નુ સચાલન સફળતાપૂર્વક કરવામા આવી રહયુ છે.

શ્રી ઓ. પી. કોહલીએ આશા વ્યકત કરી હતી કે તમામ રેડક્રોસ કાર્યકર્તાઓ અને સ્વયસેવકોએ લોકોમા જાગૃતિ લાવવાના પ્રયાસોને જારી રાખશે અને ગરીબ અને પીડિતો લોકોની સેવાઓમા અમૂલ્ય યોગદાન આપશે.

ગુજરાત રાજયના ૫૬મા સ્થાપના દિન "ગુજરાત ગૌરવ દિન–૨૦૧૬"ના અવસરે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ રાજયના તમામ નાગરિકોને હ્રદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી છે.

રાજયપાલશ્રીએ તેમના શુભ સદેશમા જણાવ્યુ છે કે ગુજરાતની ઉદ્યમશીલ અને ખતીલી પ્રજાની અનેક વિશેષતાઓ રહી છે. આજે ગુજરાતે વિકાસના પ્રત્યેક ક્ષેત્રમા દર્શનીય પ્રગતિ સાધી દેશમા એક વિશિષ્ટ ઓળખ ઉભી કરી છે. ગુજરાતના વિકાસના મોડેલની સમગ્ર દેશમા ભારે પ્રશસા થઈ છે. ગુજરાતીઓના સરળ અને શાતિપ્રિય સ્વભાવ તથા અદ્વિતીય વ્યવસાયિક કુશળતા અને સાહસિકતાએ વિશ્વના નકશામા ગુજરાતનુ નામ ઝગમગતુ કર્યુ છે.

રાજયપાલશ્રીએ વિશ્વાસ વ્યકત કર્યો છે કે ગુજરાતની વણથભી વિકાસ યાત્રામા પ્રત્યેક નાગરિકનુ બહુમૂલ્ય યોગદાન હમેશા મળતુ રહેશે અને રાજય તેની પ્રગતિની સાથે સાથે દેશના વિકાસમા પણ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરતુ રહેશે.

---